ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
યુવક કલ્યાણ વિભાગ
DEPARTMENT OF YOUTH WELFARE

યુ.ક નં./40/2026 તા: 29-09-2026

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યા ભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

વિષયઃ "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી કોલાજ વર્ક સ્પર્ધામાં ભાગ લેવા બાબત.
સંદર્ભઃ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, અમદાવાદ ના પત્ર ક્રમાંકઃ જિ.યુ.અને સાં.પ્ર/ રંગોળી સ્પર્ધા/2026-27 તા. 25-09-2026

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે આ સાથે સામેલ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, અમદાવાદ ના પત્ર ક્રમાંકઃ જિ.યુ.અને સાં.પ્ર/ રંગોળી સ્પર્ધા/2026-27 તા. 25-09-2026 ના પત્રને ધ્યાનમાં લઈને આપના દ્વારા ઘટતી કાર્યવાહી કરવા વિનતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

159260135738

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમદાવાદ

અ.મ્યુ.કો. સબઝોનલ ઓફિસ થલતેજ વોર્ડ,પ્રથમ માળ,ઝાયડસ કેન્સર હોસ્પીટલ પાસે,અમદાવાદ-380059
E-mail id : dydo-sycd-ahmd@gujarat.gov.in

ક્રમાંક: જિ.યુ.અને સાં.પ્ર/રંગોળી સ્પર્ધા/૨૦૨૬-૨૭/ તા:-૨૫/૦૯/૨૦૨૬

પ્રતિ,

રજિસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ

વિષય-"સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી કોલાજ વર્ક સ્પર્ધામાં ભાગ લેવા બાબત

સંદર્ભ:- કમિશનરશ્રી,યુ.સે.સાં.પ્ર.ગાંધીનગરના તા.૨૪/૦૯/૨૦૨૬ પત્રકમાંક :CYSCA/0302/09/2026

શ્રીમાન.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યના તમામ જિલ્લાના વિદ્યાર્થીઓ તથા નાગરિકોની સર્જનાત્મકતા, ટીમવર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી કોલાજ વર્ક સ્પર્ધાનું આયોજન નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે વ્યક્તિગત રંગોળી / ગૃપ રંગોળી કોલાજ વર્ક જેવી સ્પર્ધાઓના આયોજન માટે નીચે મુજબની સ્પર્ધા કરવામાં આવનાર છે. જેમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ, કલાકારો, પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ ઈચ્છુક જાહેર જનતા ભાગ લઇ શકે તે માટે યુનિવર્સિટી અંતર્ગત આવતી તમામ સરકારી ગ્રાન્ટેડ, સેલ્ફ-ફાયનાન્સ કોલેજો અને અન્ય તમામ કોલેજોને જાણ કરવા વિનંતી.

સ્પર્ધા માટેની રંગોળી કોલાજ વર્ક નીચે પૈકીની કોઈપણ એક થીમ પર બનાવવાની રહેશે:

થીમ	
વિકસિત ભારત@૨૦૪૭	વિકસિત ભારતનું સ્વપ્ન
મેક ઇન ઇન્ડિયા	સેવા સંકલ્પ અભિયાન
જન કલ્યાણકારી યોજનાઓ	સપ્તધારા વિઝન
રાષ્ટ્રીય પ્રતિક	આત્મ નિર્ભર ભારત

(અ) વ્યક્તિગત રંગોળી કોલાજ વર્ક (ફક્ત એક વ્યક્તિ દ્વારા) :-

- પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ અન્ય ઈચ્છુક વ્યક્તિઓ ભાગ લઇ શકશે.
- કૃતિની સાઈઝ ૧.૫ ફૂટ X ૧.૫ ફૂટ (પૂઠા, થરમોકલ, લાકડાની શીટ,પાટિયા નો ઉપયોગ કરવો.
- સર્જનાત્મક,ડીઝાઇન,સ્વચ્છતા અને થીમની રજુઆતના આધારે રંગોળીનું મુલ્યાંકન કરવામાં આવશે.

વિજેતા ક્રમ	વિજેતાની સંખ્યા	ઇનામ	કુલ ઇનામ
પ્રથમ	૧	૫૦૦૦	૫૦૦૦
દ્રિતીય	૨	૩૦૦૦	૬૦૦૦
તૃતીય	૩	૨૫૦૦	૭૫૦૦

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
29 SEP 2026

(બ) ગ્રુપ રંગોળી સ્પર્ધા :-

- પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ અન્ય ઈચ્છુક વ્યક્તિઓ ભાગ લઇ શકશે.
- કૃતિની સાઈઝ ૪ ફૂટ X ૪ ફૂટ (પૂઠા, થરમોકલ, લાકડાની શીટ,પાટિયા નો ઉપયોગ કરવો)
- સર્જનાત્મક,ડીઝાઇન,સ્વચ્છતા અને થીમની રજુઆતના આધારે રંગોળીનું મુલ્યાંકન કરવામાં આવશે.

વિજેતા ક્રમ	ઇનામ
પ્રથમ	૧૫૦૦૦
દ્વિતીય	૧૦૦૦૦
તૃતીય	૭૫૦૦

વ્યક્તિગત તથા ગ્રુપ રંગોળી કોલાજ વર્ક સ્પર્ધા માટેની સૂચનાઓ

6. તૈયાર કરવામાં આવતી કૃતિ મુવેબલ તથા જીલ્લા કક્ષાએ થનાર કાર્યક્રમ દરમ્યાન હેરફેરમાં સરળતા રહે અને ડીઝાઇન જળવાઈ રહે તે મુજબ તૈયાર કરવાની રહેશે.
7. પૂઠા, થરમોકોલ, લાકડાની શીટ,પાટિયા નો ઉપયોગ કરી તેની પર કુદરતી સામગ્રી ગુંદર,ફેવિકોલથી ચોટાડી કોલાજ વર્ક વાળી રંગોળી બનાવાની રહેશે.
8. રંગોળીમાં માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા,બીજ,પાંદડા અને પ્રાકૃતિક રંગોનો જ ઉપયોગ કરવાનો રહેશે.
9. કોલાજ વર્ક રંગોળી આપની અનુકુળતા પ્રમાણે વ્યક્તિગત અથવા ગ્રુપમાં તૈયાર કરી સ્પર્ધા સ્થળે લઇ આવવાની રહેશે.
10. વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક દરેક સ્પર્ધક તા.૦૨/૧૦/૨૦૨૬ સુધી લીંકમાં https://forms.gle/HXMp86UFKyX6igSn7 રજીસ્ટ્રેશન ફરજીયાત કરીને રંગોળી બનાવીને સ્પર્ધા માટે તૈયાર રંગોળી લઈને આવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરેલ વ્યક્તિગત/સંસ્થાને સ્પર્ધાના સ્થળ અને સમયની જાણ ટેલિફોન દ્વારા કરવામાં આવશે.

વધુ માહિતી માટે સંપર્ક નંબર (૧) શૈલેશ એમ ચૌધરી – ૯૯૦૯૫૫૧૦૩૧, (૨) મિનળબા પરમાર – ૯૪૦૯૬૦૫૨૯૭, (૩) ચિરાગ ઠાકોર - ૮૪૮૮૮૨૨૭૯૨

(એમ.વી.દેસાઇ)
જીલ્લા યુવા વિકાસ અધિકારી
અમદાવાદ

નકલ સવિનય રવાના:-

માન.કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર
માન.કમિશનરશ્રી, મહાનગરપાલિકા અમદાવાદ
માન.કલેકટરશ્રી,અમદાવાદ